ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૯ અંક : ૧૨૫ તા. ૨૮-૦૧-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

આ બજેટ અંગે એનાલિસ્ટો અને ઈન્વેસ્ટરોમાં કોઈ જ આશા નથી

સામાન્ય રીતે બજેટને થોડા દિવસની વાર હોય તો સેન્સેક્ષ અને નિફ્ટીમાં મજબૂત ઉછાળો જોવાવો જોઈએ તેને બદલે આ વખતે સેન્સે૭ અને નિફ્ટી સતત નબળાઈ દર્શાવે છે અને તેનુ મુખ્ય કારણ છે કે નિર્મળા સિતારામનના આ બજેટ અંગે એનાલિસ્ટો અને ઈન્વેસ્ટરોમાં કોઈ જ આશા નથી અને તેથી આંતરરાષ્ટ્રીય ડેવલપમેન્ટની અસર હેઠળ ભારતીય શેરબજારમાં બેતરફી વધઘટ જોવાયા કરે છે.

વિશ્વબજારની વાત કરીએ તો ચીનમાં જે કોરોના વાયરસ ફાટી નીકળ્યો છે તેને કારણે વિશ્વભરના શેરબજારોમાં એક અલગ પ્રકારનો ગભરાટ ઊભો થયો છે ચીને તો તેના બે શહેરોને સંપૂર્ણપણે અલિપ્ત કરી નાખ્યા અને તે બંને શહેરોમાં રહેતા લાખો લોકોને અન્ય વિસ્તારમાં ટ્રાવેલની કોઈ છૂટ નથી તેમ છતાં હજારો માઈલ દૂર અમેરિકામાં પણ કોરોના વાયરસનો એક રોગો પકડાયો છે અને તેની અસર નીચે અમેરિકન બજારોમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો. હાલના તબક્કે તો યુનાઈટેડ નેશન્સે તેને વિશ્વવ્યાપી ઉપદ્રવ તરીકે દર્શાવવાનો ઈન્કાર કર્યો છે તેમ છતાં વિવિધ દેશના લોકોએ વિમાનમાં સફર કરવાનું ઓછું કરી નાખ્યું છે અને તેની અસર નીચે ગયા અઠવાડિયા દરમ્યાન વિમાન બનાવતી કંપની બોઈંગના શેરના ભાવમાં મોટો ઘટાડો જોવાયો હતો. અને સાથે સાથે હોટલ અને ટુરિઝમ સાથે સંકળાયેલી કંપનીઓના શેરોમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ છે.

સામે પક્ષે અમેરિકન અર્થતંત્રમાંથી પોઝિટિવ સમાચારો ચાલુ જ છે અને અમેરિકામાં બેરોજગારીનો દર વધારે નીચો આવ્યો છે. ગયા અઠવાડિયે જાહેર થયેલા બેરોજગારીના આંકડા અનુસાર બેરોજગારોની સંખ્યા ૨૦૫૦૦૦થી વધીને ૨૧૧૦૦૦ છે અને તે રીતે બેરોજગારીનું લેવલ ત્રણ લાખથી અંદર જ જળવાઈ રહ્યું છે. અને સને ૨૦૨૦માં સૌ પ્રથમ વખત વોલસ્ટ્રીટમાં સાપ્તાહિક ધોરણે ઘટાડો જોવાયો.

ભારતમાં સરકારની સીધા કરવેરાની આવકોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને રિવાઈઝ કરેલા લક્ષ્યાંકો પણ કેન્દ્ર સરકાર હાંસલ કરી શકશે કે કેમ તે મુખ્ય સવાલ છે અને તેથી બજેટમાં કોર્પોરેટ વેરામાં તો કોઈ ઘટાડો આવે તે સંભાવના નથી લાગતી. પરંતુ માગ વધે તે માટે વ્યક્તિગત કરવેરાના દરમાં થોડી છૂટછાટ આપવામાં આવશે તે સંભાવના છે અને તેમાં પાંચ લાખથી ઓછી આવકવાળા કરદાતાઓ માટે કરવેરાના દરમાં ઘટાડો કરાય તેવી ગણતરી છે. તેવી જ રીતે મૂડીનફા અંગેની જોગવીઓમાં અગાઉ જે રીતે લાંબાગાળાનો મૂડીનફો ગણવામાં આવતો હતો તે જ પ્રકારે ફરી વિકલ્પ અપનાવવામાં આવશે તેમ લાગી રહ્યું છે. અને તે સિવાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણો અંગે ભારેખમ વચનો ફરી એક વખત આપવામાં આવે તે સંભાવના મજબૂત છે.

શેરબજારના ખેલાડીઓનું મંતવ્ય છે કે બજેટ તો આ વખતે નિર્મલા સિતારામન જ રજૂ કરશે પરંતુ બજેટ પછી તેમના સ્થાન ઉપર આઈસીઆઈસીઆઈના ભૂતપૂર્વ ચેરમેન કે.વી. કામઠની નીમણૂંક નાણામંત્રી તરીકે કરવામાં આવે તે સંભાવના ખૂબ મજબૂત છે.

> **ચીનમાં જે કોરોના વાયરસ ફાટી નીકળ્યો છે તેને કારણે વિશ્વભરના શેરબજારોમાં એક અલગ પ્રકારનો ગભરાટ**

પ્રશ્ન એ છે કે કે.વી. કામઠ એક બેંકર તરીકે સફળ હતા પરંતુ શું તેઓ અર્થતંત્રની ગાડી દોડાવી શકશે ? કદાચ એનપીએ અંગે પણ તેઓ યોગ્ય પગલાં લઈ શકે પરંતુ અત્યારે બેંકિંગ સિસ્ટમમાં જે એનપીએનું દૂષણ છે તે અંગે બે મુખ્ય કારણ છે કે અને તેમાં એક કારણ કૌભાંડોને કારણે છે અને બીજું મુખ્ય કારણ અર્થતંત્ર ધીમું પડતા વિવિધ કંપનીઓની નફાશક્તિમાં તોતીંગ ઘટાડો થયો છે અને તેથી તેના ઉપાય તરીકે તો નાણાપ્રધાને અર્થતંત્રને દોડતું કરવું પડે અને શ્રી કે.વી. કામઠમાં અર્થશાસ્ત્રી અંગેની તેવી કોઈ આવડત હોય તે સંભાવના નથી.

કદાચ તમને એવી આશા ઊભી થાય કે બેંકિંગ સિસ્ટમના કૌભાંડો અંગે તેઓ કોઈ પગલાં લેશે પરંતુ તેઓ જે બેંકમાં ચેરમેન હતા અને ધિરાણ કમિટિના વડા તરીકે પદ સંભાળતા હતા તે આઈસીઆઈસીઆઈ બેંકમાં જ ધિરાણનું કેવા કૌભાંડ થયા છે તે આપણે સૌ જાણીએ છીએ. અને તેથી બેંકિંગ કૌભાંડો પણ તેઓ રોકી શકશે કે કેમ તેમ માનવું મુશ્કેલ છે. આમ નિર્મલા સિતારામનના સ્થાન શ્રી અનુરાગ અથવા તો શ્રી કે.વી. કામઠ આવે તો પણ અર્થતંત્રને ઉગારી શકાય તેવી કોઈ સંભાવના નથી લાગતી. અગાઉ આશા હતી કે શ્રી પિયૂષ ગોયલ નાણામંત્રી બને તો અર્થતંત્ર દોડી શકે પરંતુ તાજેતરમાં શ્રી પિયૂષ ગોયલે એમેઝોનના વડા અંગે વિવાદાસ્પદ સ્ટેટમેન્ટો કર્યા તે અંગે તેમની કાબેલિયત અને માનસિકતા અંગે પણ શંકા ઊભી થાય છે. એમેઝોનના વડાની માલિકીનું એક અખબાર મોદી સરકાર અંગે કદાચ વિરોધી મંતવ્ય દર્શાવતું હશે પરંતુ તે કારણસર શ્રી પિયૂષ ગોયલ એમેઝોનના વડાની ભારતયાત્રા અંગે નેગેટીવ ટીપ્પણી કરે તે તેમની લેવલની વ્યક્તિ માટે કોઈ રીતે શોભાસ્પદ નથી અને તેથી આવી વ્યક્તિ નાણામંત્રી બને તો તેને કારણે પણ અર્થતંત્રનો ઉદ્ધાર થાય તેવી આશા નથી લાગતી.

આ સંજોગોમાં બજેટ અંગે તો ખાસ કોઈ આશાવાદ નથી. બજેટ પછી નાણામંત્રાલયના સંચાર હેઠળ ભારતીય નાણાસંસ્થાઓ થોડીઘણી લેવાલી કરે અને બજાર થોડું ઊંચું આવે તો તેમાં સાવચેતીપૂર્વક હળવા થઈ જવાની વ્યૂહરચના અપનાવવી.

શેરબજાર અત્યારે નિફ્ટીના પસંદગીના સાતેક શેરો અને મીડકેપ-સ્મોલકેપના વીસેક શેરો દ્વારા જ ચાલી રહ્યું છે અને આવા શેરોની સચોટ માહિતી અત્યારે કેવળ ચાણક્યમાં જ તમને મળે છે અને તેથી સેન્સેક્ષ-નિફ્ટી અંગે લાંબી આશા રાખ્યા વગર આવા ૨૭-૩૦ શેરોમાં જ કામ કરીને કમાવાની સ્ટ્રેટેજી અપનાવવી અને તો જ બજારમાં તમે સફળ રહેશો.

એક સમયે આશા હતી કે સરકાર જે રીતે સરકારી બેંકો માટે જંગી પેકેજ લાવી રહી છે અને તે પછી બેંકોના મર્જરની જાહેરાત કરાઈ તેને કારણે સરકારી બેંક શેરોમાં આકર્ષણ વધશે પરંતુ તે આશા સદંતર ખોટી પડી છે અને એક પણ સરકારી બેંકમાં અત્યારે કોઈ જ પ્રકારની લેવાલી નથી દેખાતી. કેટલીક બેંકોના સપ્ટેમ્બર ક્વાર્ટરના અને તે પછી ડિસેમ્બર ક્વાર્ટરના આંકડા કંઈક સારા આવ્યા છે તેમ છતાં આવા શેરોમાં પણ વ્યાપક લેવાલી નથી.

ગયા અઠવાડિયે સ્ટેટ બેંકના વડાએ **યસ બેંક**ને સરકાર ડૂબવા નહીં દે તેવું સ્ટેટમેન્ટ દાઓસમાં આપ્યા પછી યસ બેંકનું મર્જર કે ટેઈકઓવર સ્ટેટ બેંક દ્વારા કરવામાં આવશે તે આશાવાદ વધ્યો હતો અને તે પાછળ રૂા. ૩૮થી ઊંચકાઈને આ શેર રૂા. ૪૨.૭૦ ઉપર આવ્યો છે તેમ છતાં જેની મૂડી અને રિઝર્વ એનપીએની કારણે સાફ થઈ ગયા છે તેવા યસ બેંકમાં સ્ટેટ બેંક પણ ઊંચા વેલ્યૂએશન ઉપર રોકાણ નથી કરવાની અને જ્યારે મર્જર આવશે ત્યારે પણ આ એનપીએનું પાસું ચોક્કસપણે ધ્યાનમાં લેવાશે. ટેમ્પરરી ધોરણે યસ બેંકનો શેર ભલે થોડો ઊંચકાયો હોય પરંતુ તેમાં કોઈ જ કસ નથી. આ બેંક કોઈ વિદેશી રોકાણકાર રોકાણ કરીને ચાલુ રાખે તો જ તેમાં બે વર્ષે ઠેકાણું પડી શકે. બાકી સ્ટેટ બેંક હસ્તગત કરે તો તેમાં ઈન્વેસ્ટર તરીકે કોઈ જ ફાયદો થવાની ગણતરી નથી. ટેમ્પરરી બે-પાંચ રૂપિયા વધી શકે અને તે સિવાય આ શેરમાં કોઈ લાંબો કસ નથી. માટે રોકાણ કરવાની ઊતાવળ ન કરવી.

થોડા સમય પહેલા આઈપીઓ લઈને આવેલી **ઉજ્જીવાન સ્મોલ ફિનાન્સ બેંક**ના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો ખૂબ જ સુંદર આવ્યા છે અને નફામાં સુંદર ઉછાળો જોવાયો. ઉજ્જીવાન અત્યારે રૂા. ૫૪.૭૫ ઉપર છે અને તે શેરમાં રોકાણ જાળવી રખાય. આઈપીઓ પછી આ શેર માટે રૂ. ૭૦-૭૫નું લક્ષ્યાંક આપ્યું હતું અને તે લક્ષ્યાંક હાંસલ થવાની સંભાવના મજબૂત છે. તેવી જ રીતે **સાઉથ ઇન્ડિયન બેંકે** પણ ડિસેમ્બર ક્વાર્ટરમાં પ્રોત્સાહક પરિણામો રજૂ કર્યા. એક સમય હતો કે રૂા. ૨૭-૩૦વાળા આ શેરમાં રૂા. ૪૦ની ગણતરીએ ઈન્વેસ્ટરો રોકાણ કરતા હતા. અત્યારે રૂા. ૧૦ થઈ ગયા પછી રૂા. ૧૧.૧૦ ઉપર આવ્યો છે. આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૧૪ની નજીકના સમયગાળામાં ગણતરી છે.

રૂા. ૭૪-૭૫ના ભાવે **કર્ણાટક બેંક**નો શેર પણ ધ્યાનમાં રખાય. રૂા. ૧૦૦ના ભાવે તો રાઈટ ઈશ્યૂ આપવામાં આવ્યો હતો અને અત્યારના બજારભાવની સરખામણીમાં બુકવેલ્યૂ પણ વધારે છે. ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો પણ સારા આવ્યા છે. આ શેરમાં છએક મહિનાની ગણતરી રોકાણ કરાય. અને તેમાં ૯૦-૧૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.

આરબીએલ બેંકમાં એનપીએની જોગવાઈને કારણે નફામાં ગાબડું પડ્યું છે અને મેનેજમેન્ટની ગણતરી છે કે માર્ચ સુધીમાં એનપીએનો આ પ્રશ્ન ઉકેલી દેવાશે એટલે કે માર્ચ ક્વાર્ટરમાં બાકીની એનપીએ અંગે મોટી જોગવાઈ કરી દેવાય તે સંભાવના ખૂબ મોટી છે અને તેથી શક્ય છે કે માર્ચ આખર અને એપ્રિલના પ્રથમ પંદર દિવસ દરમ્યાન નફામાં ગાબડાંના સમાચારને કારણે આ શેર તૂટી શકે. બાકી અત્યારના ભાવે બે વર્ષનો દ્રષ્ટિકોણ હોય તો આરબીએલ બેંક ભેગા કરાય. અગાઉ આ શેરે રૂા. ૭૦૦ પ્લસનો ભાવ બતાવ્યો હતો અને એક વખત માર્ચ આખરમાં બેલેન્સશીટ ચોખ્ખું થઈ જાય તે પછી આ શેરમાં મજબૂત ઉછાળાની ગણતરી છે.

આઈડીબીઆઈ બેંકમાં પણ હવે નીચા મથાળેથી લેવાલી વધી છે. અત્યારના રૂા. ૩૫.૬૦વાળા આ શેરમાં નાનું રોકાણ કરી શકાય અને તેમાં ધીમા સુધારા સાથે રૂા. ૩૮-૪૦ના ભાવની ગણતરી. બે વર્ષમાં આ બેંકનું એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ સાથે મર્જર થઈ જવાનું અને તે રીતે પણ તમને સુંદર મૂડીવૃદ્ધિનો ફાયદો મળશે અને તે રીતે થોડા-થોડા લોટમાં આઈડીબીઆઈ બેંકના શેર ભેગા કરતા જવાય.

રૂા. ૯૭૪ના ભાવે **એયુ સ્મોલ ફિનાન્સ બેંક**નો શેર ખૂબ જ ઊંચા વેલ્યૂએશન ઉપર છે અને તેથી આ શેરમાં થોડું પ્રોફિટ બુકીંગ કરી દેવું ખોટું નહીં. ગમે ત્યારે મોટા કરેકશનની સંભાવના દેખાય છે.

રૂા. ૯૫-૯૬ના ભાવે **ફેડરલ બેંક**નો શેર હવે અપટ્રેન્ડમાં દાખલ થયો છે. પરિણામનો સુંદર સપોર્ટ મળ્યા પછી ફેડરલ બેંક આગામી દિવસોમાં રૂા. ૧૦૫-૧૧૦ના ભાવે પહોંચી જવાની ગણતરી અને તેથી અત્યારના ભાવે થોડાક ફેડરલ બેંક લઈને મૂકી દેવાય.

પ્રાઈવેટ સેક્ટરની **આઈસીઆઈસીઆઈ બેંક**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને અત્યારના રૂા. ૫૩૧વાળા આ શેરમાં થોડું રોકાણ કરી દેવાય. આગામી દિવસોમાં આ શેર મજબૂત ઉછાળા સાથે રૂા. ૫૫૦નું લેવલ કૂદાવી દેવાની સંભાવના છે.

બંધન બેંકના શેરમાં પ્રોફિટ બુકીંગ કરી લેવાની વાત ભારપૂર્વક કરી હતી. બંધન અત્યારે રૂા. ૪૭૪ ઉપર છે, વેલ્યૂએશન અતિશય મોંઘું છે અને તે પાછળ આગામી દિવસોમાં રૂા. ૪૫૦ સુધી ભાવ ઊતરી જાય તો પણ નવાઈ નહીં લાગે.

થોડા સમય પહેલા પબ્લિક ઈશ્યૂ લઈને આવેલી કેનેડિયન પ્રમોટર પ્રેમવત્સની **સીએસબી બેંક**નો શેર રૂા. ૩૧૪ના ટોપથી ઘટીને તાજેતરમાં રૂા. ૧૯૨ના બોટમ ઉપર આવી ગયો હતો અને બોટમથી સહેજ જ ઉપર રૂા. ૧૯૬ ઉપર આ શેર મળી રહ્યો છે. સીએસબી માટે ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો ખૂબ જ પ્રોત્સાહક આવશે અને તેથી બાવન અઠવાડિયાના બોટમના ભાવે આ શેરમાં નાનું રોકાણ કરાય અને તેમાં મજબૂત ઉછાળાની જગ્યા છે.

રૂા. ૧૮૩ના ભાવે **ડીસીબી બેંક**નો શેર પણ અત્યારે ઘટાડાના તબક્કામાં દાખલ થયો છે. થોડા દિવસો પહેલા જ આ શેરમાં રૂા. ૧૬૪નું બોટમ બન્યું હતું. એક વખત આ શેરમાં રૂા. ૧૯૪નું લેવલ પસાર થાય તે પછી તેમાં રોકાણ વધારવાની ઉતાવળ કરાય.

રૂા. ૧૫.૧૫ના ભાવના **ધનલક્ષ્મી બેંક**ના શેરમાં ધીમો સુધારો શરૂ થઈ ગયો છે. થોડા દિવસો પહેલા આ શેર રૂા. ૧૨.૫૦ના બોટમ ઉપર હતો અને એકદમ ધીમા સુધારા સાથે આ શેરમાં રૂા. ૧૬નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

સિટી યુનિયન બેંક અત્યારે રૂા. ૨૩૮ ઉપર છે અને આ શેરમાં આગામી દિવસોમાં મજબૂત તેજીની જગ્યા છે. શોર્ટટર્મમાં જ રૂા. ૨૬૮નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે અને તેથી એયુ સ્મોલ ફિનાન્સ બેંક, બંધન બેંક વગેરે ઊંચા ભાવના શેરો વેચીને તે પૈસા સિટી યુનિયન બેંકમાં શિફ્ટ કરી શકાય અને તેમાં રિટર્ન છૂટશે.

સુંદર પરિણામો પછી **એચડીએફસી બેંક**નો શેર હજી રૂા. ૧૨૪૬ ઉપર જ મળી રહ્યો છે. આ શેર માટે મધ્યમગાળા માટે કેટલાક એનાલિસ્ટોએ રૂા. ૧૪૦૦નું જ્યારે અમારું રૂા. ૧૫૦૦નું લક્ષ્યાંક છે પરંતુ એકદમ ટૂંકાગાળાની વાત કરીએ તો આ શેર અત્યારે પરિણામના સમાચાર આવી ગયા પછી પ્રોફિટ બુકીંગના તબક્કામાં છે અને તેથી રૂા. ૧૨૪૪વાળો આ શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૧૨૨૪ અને તે પછી રૂા. ૧૨૧૪ સુધી ઊતરી જાય તો નવાઈ નહીં લાગે. એટલે કે શોર્ટટર્મમાં આ શેરમાં ઘટાડો સ્પષ્ટ રીતે દેખાય છે.

એક્સિસ બેંકનો શેર ધ્યાનમાં રખાય. અત્યારે રૂા. ૭૨૫ ઉપર છે અને આ શેરમાં પણ શોર્ટટર્મમાં પ્રોફિટ બુકીંગ એટલે કે નજીકના દિવસોમાં રૂા. ૭૦૦ સુધીનો ભાવ અને કદાચ રૂા. ૬૯૦નો ભાવ આવી જાય તે સંભાવના પૂરેપૂરી પરંતુ જો ૬થી ૧૨ મહિના જાળવી રાખવાની તૈયારી હોય તો ઉપરમાં આ શેર કરેકશન પતાવ્યા પછી રૂા. ૮૫૦-૯૦૦નું લેવલ પણ બતાવી શકે. આવતા થોડા દિવસો ઘટાડાના તબક્કામાં છે તે પાસું ધ્યાનમાં રાખવું.

હિન્દુજા ગ્રૂપની **ઇન્ડસઇન્ડ બેંક** પણ અત્યારે સ્પષ્ટ ઘટાડાના તબક્કામાં છે, નફો સારો આવ્યો, એનપીએ પણ ઘટી છે અને વૈહિકલ લોન ઉપરનો મદાર પણ ઘટ્યો છે. શુક્રવારે રૂા. ૨ વધીને રૂા. ૧૩૩૩ ઉપર આવ્યો. પરંતુ આગામી દિવસોમાં આ શેર રૂા. ૧૩૦૦ સુધી નીચો ઊતરી જવાની સંભાવના પૂરેપૂરી.

જમ્મુ-કાશ્મીર બેંકના શેરમાં લાંબાગાળાનું આકર્ષણ છે પરંતુ શોર્ટટર્મમાં સ્પષ્ટ રીતે નબળો ટ્રેન્ડ છે અને તેથી નજીકના થોડા દિવસોમાં રૂા. ૨૯થી ઘટીને રૂા. ૨૭ સુધી ઊતરી જવાની સંભાવના પૂરેપૂરી.

રૂા. ૧૫૯૮વાળા **કોટક બેંક**ના શેરમાં પણ શોર્ટટર્મ નબળાઈ બેસે છે. આગામી દિવસોમાં આ શેરમાં ભાવ વધારે તીવ્રતાથી ઘટીને રૂા. ૧૫૫૦ સુધી ઊતરી જાય તો નવાઈ નહીં લાગે અને તેથી એકદમ શોર્ટટર્મ ગણિત હોય તો નવા રોકાણથી દૂર રહેવું. બાકી લાંબાગાળાનું ભાવિ ચોક્કસ સારું છે.

રૂા. ૫૩ના ભાવના **કરૂર વૈશ્ય બેંક**ના શેરમાં કોઈ કસ નથી અને તે શેરથી દૂર જ રહેવાય.

આઈડીએફસી ફર્સ્ટ બેંકમાં અનેક નાના-મોટા ઈન્વેસ્ટરોએ હજ્જારો અને લાખ્ખોની સંખ્યામાં શેરો ભેગા કર્યા છે. રૂા. ૪૩વાળા આ શેરમાં શોર્ટટર્મમાં નબળાઈ દેખાય છે અને તેથી નીચામાં રૂા. ૪૨નું લેવલ તૂટે તે સંભાવના પૂરેપૂરી, લાંબાગાળાનું ભાવિ ચોક્કસપણે સારું છે.

સરકારી બેંકોમાં ક્યાંય કસ નથી. અને તેથી તે શેરોથી દૂર જ રહેવામાં સલામતી.

બેંક ઓફ મહારાષ્ટ્રના આંકડા સારા આવવા છતાં ભાવ અત્યારે કરેકશનના તબક્કામાં છે અને તેથી ઘટવાની સંભાવના મજબૂત.

રૂા. ૩૨૩વાળા **સ્ટેટ બેંક**ના શેરમાં શોર્ટટર્મમાં બેતરફી વધઘટનો તબક્કો ચાલી રહ્યો છે તે જ પ્રકારે રૂા. ૬૧.૬૦ના ભાવના **પંજાબ નેશનલ બેંક**ના શેરમાં પણ નબળાઈ છે અને તેમાં પણ ભાવ ઝડપથી વધવાની સંભાવના નથી દેખાતી. રૂા. ૯૪.૯૦ના ભાવનો **બેંક ઓફ બરોડા** અને તેવી જ રીતે નીચા ભાવનો **બેંક ઓફ ઇન્ડિયા** પણ નબળાઈના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે અને તેથી હાથ દઝાડવા માટે દાખલ થવાની સલાહ નથી.

નીચા ભાવના **સેન્ટ્રલ બેંક, અલ્હાબાદ બેંક,** રૂા. ૧૧ વાળો **ઇન્ડિયન ઓવરસીઝ બેંક** લઈને બેએક વર્ષ માટે ભૂલી જવા હોય તો સારા ફુદ્દા છે બાકી આગામી દિવસોમાં તેમાં ભાવ ઘટશે તે નક્કી છે.

રૂા. ૧૫.૯૫વાળી **લક્ષ્મીવિલાસ** પણ મંદીની ઝપટમાં છે અને આવતા થોડા દિવસોમાં ઘટીને રૂા. ૧૪.૬૦ સુધી ઊતરી જવાની સંભાવના મજબૂત છે અને તે લેવલ આસપાસ ટ્રેન્ડ બદલાય તેમ હોવાથી તે લેવલે થોડું રોકાણ કરાય.

દેશની સૌથી મોટી ફિનાન્સ કંપની **એચડીએફસી** મજબૂત અપટ્રેન્ડમાં છે. તાજેતરમાં જ રૂા. ૨૫૦૦નું લેવલ ટચ કરીને શેર અત્યારે રૂા. ૨૪૨૮ ઉપર આવ્યો છે. બજેટમાં હાઉસીંગ સેક્ટર માટે જોરદાર રાહતો ડ્યૂ છે અને તે પાછળ આ શેર ઝડપથી ઊંચકાઈ જવાની સંભાવના છે.

તે જ પ્રકારે સુંદર ફન્ડામેન્ટલ ધરાવતી **એલઆઈસી હાઉસીંગ**નો શેર પણ મજબૂત અપટ્રેન્ડમાં દાખલ થયો છે. અત્યારના રૂા. ૪૭૬ના ભાવે આ શેરમાં થોડું રોકાણ કરી દેજો, આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૫૦૦ ઉપરના ભાવની સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે પંજાબ નેશનલ બેંકનું કૌભાંડ બહાર આવ્યા પછી **પીએનબી હાઉસીંગ ફિનાન્સ**નો શેર એકદમ તૂટી ગયો હતો અને રૂા. ૪૨૦ આસપાસ આવ્યા પછી ફરી એક વખત આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૫૪૦નો ભાવ આવી ગયો છે. એક સમય હતો કે પીએનબી હાઉસીંગમાંનું પંજાબ નેશનલ બેંકનું હોલ્ડિંગ અન્ય વિદેશી ગ્રૂપને વેચાશે પરંતુ એક મોટી કંપની મેનેજ કરવાની લાલચ પંજાબ નેશનલ બેંકના ડાયરેક્ટરોમાં જતી નથી અને તેથી હોલ્ડિંગનું વેચાણ પાછું ઠેલાયા કરે છે. અત્યારના ભાવે હાઉસીંગ સેક્ટરના પ્રોત્સાહનોની ગણતરીએ આ શેર દોડવાનો. અને તેથી ધ્યાનમાં રખાય.

સામે પક્ષે **કેનફિન હોમ્સ** અત્યારે રૂા. ૪૭૩ ઉપર છે અને વેલ્યૂએશન થોડું ઊંચું છે અને તેથી આ ભાવે કેનફિન લેવો તેને બદલે તે જ લેવલનો એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ લેવો શું ખોટો ?

રિલાયન્સ હોમ ફિનાન્સમાં તો કોઈ જ કસ નથી રહ્યો. અત્યારના રૂા. ૧.૭૮ના ભાવે એક ફુદ્દાની રીતે દાખલ થવામાં પણ કસ નથી. દૂર જ રહેવું સલાહભરેલ.

તે જ પ્રકારે **દીવાન હાઉસીંગ**માં પણ રાહત આવે તેવી કોઈ સંભાવના નથી લાગતી. અત્યારે રૂા. ૧૬.૨૦ ઉપર પડી રહ્યો છે. થોડું જોખમ લેવું હોય અને ૧૦૦-૨૦૦ શેર લઈને મૂકવા હોય (બે-ત્રણ રૂપિયાની લાલચમાં) તો તે પ્રકારનું કામ કરી શકાય. બાકી વધારે મોટું રોકાણ ન કરવું. ગમે ત્યારે નેગેટીવ સમાચાર આવે અને ભાવ પાછો તૂટી જાય તે ભય ખૂબ મોટો છે.

બજાજ ફિનાન્સ માટે લાંબાગાળાનું ભાવિ જોરદાર છે અને તેથી એસઆઈપીની રીતે રોકાણ વધારતા જવાય. પરંતુ એકદમ ટૂંકાગાળાનો સમય આ શેર માટે મંદીનો છે અને તેથી લીધા પછી ઘટશે તેવી ગણતરી રાખવી.

મણ્ણાપુરમ ફિનાન્સ અત્યારે રૂા. ૧૮૪ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૨૦૦ ઉપરના ભાવની સંભાવના મજબૂત છે. જ્યારે ગોલ્ડલોન આપતી **મુથુટ ફિનાન્સ**નો શેર થોડો ઘટીને રૂા. ૭૬૦ ઉપર આવ્યો છે અને તેમાં પણ લાંબાગાળાનું ભાવિ સુંદર છે, રોકાણ જાળવી શકાય.

બજાજ ફિનસર્વ રૂા. ૯૫૩૫ના ઊંચા ભાવ ઉપર ચાલી રહ્યો છે અને આ શેર પણ મજબૂત અપટ્રેન્ડમાં છે અને તેથી તેમાં રોકાણ જાળવી શકાય.

બિરલા કેપિટલ પણ અત્યારના ભાવે ધ્યાનમાં રખાય અને તેમાં પણ ભાવિ સુંદર છે.

ચૌલામંડલમ્ ઇન્વેસ્ટમેન્ટના શેરમાં અત્યારે રૂા. ૩૨૪નો ભાવ ચાલી રહ્યો છે. શેર મજબૂત અપટ્રેન્ડમાં છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૩૫૪ સુધીના ભાવની ગણતરી છે અને તેથી નાનું રોકાણ કરી દેવાય. જોખમ નથી લાગતું.

ઈન્સ્યોરન્સ સેક્ટરની ટોચની કંપની **એસબીઆઈ લાઈફ**માં પરિણામો અફલાતૂન આવ્યા. અત્યારે આ શેર રૂા. ૯૮૫ ઉપર ચાલે છે અને મજબૂત અપટ્રેન્ડમાં છે. આવતા થોડા દિવસોમાં જ વધીને રૂા. ૧૦૮૫નો ભાવ બતાવે તે સંભાવના પૂરેપૂરી.

જ્યારે **એચડીએફસી લાઈફ**માં પરિણામોમાં સામાન્ય ઉછાળો છે. અત્યારના રૂા. ૬૦૫વાળા આ શેરમાં શોર્ટટર્મ ટ્રેન્ડ મંદીનો છે અને તેથી આવતા થોડા દિવસો આ શેર વધારે ઘટીને રૂા. ૫૯૫ અને તે લેવલ તૂટતા રૂા. ૫૮૫ સુધી ઊતરી જાય તો પણ નવાઈ નહીં લાગે અને તેથી નવા ઈન્વેસ્ટમેન્ટનો નીચા ભાવે ચાન્સ મળશે તે ખાસ ધ્યાનમાં રાખવું.

રૂા. ૫૦૭ના ભાવે **આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ લાઈફ** ધીમા અપટ્રેન્ડમાં દાખલ થયો છે અને તેથી આ શેરમાં રોકાણ વધારાય. ઉપરમાં થોડા દિવસોમાં જ રૂા. ૫૨૭-૫૩૭નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે. નાનું રોકાણ કરી શકાય.

આઈસીઆઈસીઆઈ જનરલ ઇન્સ્યોરન્સ અત્યારે રૂા. ૧૩૩૫ ઉપર છે અને તે શેરમાં નબળાઈનો તબક્કો છે. આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૩૦૭-૧૨૮૨ સુધી ભાવ ઊતરી જાય તો નવાઈ નહીં લાગે.

.**એચડીએફસી એસેટ મેનેજમેન્ટ**ના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો ખૂબ જ સુંદર આવ્યા. શેર અત્યારે કોન્સોલિડેશન અને ટૂંકી વધઘટના તબક્કામાં છે. રૂા. ૩૨૦૯વાળા આ શેરમાં એસઆઈપીની રીતે રોકાણ વધારતા જવાય. દર મહિને એક-એક એચડીએફસી એએમસી કવર



ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, બજેટ અંગે આશાવાદ ઓછો અને તેમ છતાં કેટલીક વખત બહારથી અભણ દેખાતી વ્યક્તિ પણ જ્ઞાનની વાત કરી જાય છે. અને તેવું જ કંઈ નાણામંત્રી સિતારામન લાવે તો નવાઈ નહીં લાગે. અને તે પાછળ બજારનો મુડ એકદમ બુલીશ.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**, બજારના મોટા ખેલાડીઓને આ બજેટમાં સ્ક્રેપેજ પોલિસીની અપેક્ષા. જૂના ખટારાને ભંગારમાં લઈ જાવ અને નવા વાહનો ખરીદો અને તે રીતે અર્થતંત્રને દોડતું રાખો. રૂા. ૫૬૭વાળો મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ધ્યાનમાં રાખવો. આંકડાની અદલાબદલી થવાની. શોર્ટટર્મમાં રૂા. ૫૭૬ અને તે પછી રૂા. ૬૫૭નો ભાવ થોડા મહિનામાં જોવા મળે.
- **તાતા મોટર્સ**, ભારત ખાતે ટ્રક અને બસના વેચાણો ઠંડા પરંતુ અમેરિકા અને ચીન ખાતે જગુઆર અને લેન્ડરોવરના વેચાણોમાં તોતીંગ ઉછાળો અને તાતા મોટર્સને તો જગુઆર વેચાય એટલે ભયોભયો, રૂા. ૧૯૭ ઉપર તો આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૨૨૦નો ભાવ જોવા મળવાની આરએસની ગણતરી. બજેટમાં જૂના વાહનોની સ્ક્રેપેજ પોલિસી આવી જાય તો ભડકો થઈ જવાનો.
- **જેએસડબલ્યુ સ્ટીલ**, સ્ટીલની માંગમાં ધીમો સુધારો, ભલે ડિસેમ્બરનું ઉત્પાદન થોડું ઘટ્યું. રૂા. ૨૭૭વાળા શેરમાં જોવાતો સુધારો, ધીમા સુધારા સાથે રૂા. ૨૯૭ના ભાવની ગણતરી.
- **એચસીએલ ટેકનોલોજી**, તમામ આઈટી શેરોમાં આ ટોચનો શેર તદ્દન પાણીના ભાવે મળી રહ્યો છે અને હવે ધીરે ધીરે મુંબઈના ખેલાડીઓનું ધ્યાન આ શેર ઉપર ગયું. રૂા. ૫૯૩ના ભાવે વધારે નહિ તો દસેક શેર લઈને મૂકી દેજો, પૈસા મળશે.
- **ટીસીએસ**, ડોલર મજબૂત થયો અને સામે પક્ષે રૂપિયો નબળો, ટીસીએસને આડકતરો ફાયદો, છેલ્લા બે વર્ષથી અમેરિકામાં નવા સેન્ટરો ઊભા કરવામાં અને સ્ટાફ ભેગો કરવાનો ખર્ચો હવે વસૂલ થવા લાગ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧માં બમ્પર નફો બતાવે, રૂા. ૨૨૩૮ના ભાવે વધારે નહિ તો પાંચેક શેર લઈને મૂકી દેવાય. અન્યથા એસઆઈપીની રીતે પણ થોડા થોડા શેરો ભેગા કરતા જજો અને આવતા ૧૨ મહિનામાં આ શેર તમને જોરદાર રિટર્ન આપી જવાનો.
- **એચડીએફસી**, બજેટમાં હાઉસીંગ સેક્ટર માટે મોટી રાહતો અપેક્ષિત, ઘરો બંધાશે અને વેચાશે તો જ રોજગારી ઊભી થવાની. રૂા. ૨૪૮૨વાળા એચડીએફસીને મોટો ફાયદો અને સાથે સાથે ઓક્ટોબર ૨૦૨૦ પછી બમ્પર રીસ્ટ્રક્ચર આ કંપનીમાં ડ્યૂ છે. એસઆઈપીની રીતે બે-બે શેર દર મહિને ભેગા કરવાનું શરૂ કરી દેજો, જોરદાર રિટર્ન આપી જશે.
- **બજાજ ફિનાન્સ**, તમામ પ્રકારના ધિરાણોને પ્રોત્સાહન આ બજેટમાં અપેક્ષિત, સ્ક્રેપેજ પોલિસી લાવે, જૂના વાહનો વેચો અને ઊંચી કિંમતે નવા વાહનો ખરીદો અને સાથે સાથે બજાજ ફિનાન્સ જેવી કંપનીઓ પાસેથી ધિરાણ પણ લો. રૂા. ૪૨૨૦વાળી બજાજ ફિનાન્સને બમ્પર ફાયદો મળવાનો. વધારે નહિ તો પાંચ શેર આ ભાવે લઈને મૂકી દેવાય. નવા વર્ષમાં બમ્પર રિટર્નની જગ્યા.
- **વેદાંતા**, અમેરિકા અને ચીન વચ્ચે પ્રથમ તબક્કાનો કરાર થઈ ગયો. તમામ પ્રકારની બિનલોહ ધાતુઓ અને ક્રૂડના ભાવમાં ઉછાળો, અને તેને કારણે વેદાંતાની પાંચેય આંગળીઓ ઘીમાં, રૂા. ૧૬૨ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેવાય. આંકડાની અદલાબદલી પાંચ-છ મહિનામાં જોવા મળે. રૂા. ૨૧૬નો ભાવ અપેક્ષિત.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, સિમેન્ટ ઉદ્યોગની આ ટોચની કંપનીમાં પણ વધી રહેલું આકર્ષણ, બજેટમાં સિમેન્ટ ઉદ્યોગને પણ મોટો ફાયદો મળવાની ગણતરી. દેશભરમાં અબજો રૂપિયાના રોકાણથી વોટર-વેઈઝ અને સિમેન્ટના રસ્તાઓ બનાવવાની જાહેરાતો આવવાની. અલ્ટ્રાટેકને સૌથી મોટો ફાયદો મળે, રૂા. ૪૪૭૨ના ભાવે ખોટો નથી. થોડાક શેરો લઈને મૂકી શકાય.





પ્રતીક્ષા કેમિકલ્સ લિમિટેડ

ત્રીજોમાળ,એચ.કે.કોમ્પલેક્સ,ધરણીધરદેરાસર પાસે,
પાલડી,અમદાવાદ-૩૮૦૦૦૭
CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in
PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

નોટિસ

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૭ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૦૪-૦૨-૨૦૨૦,મંગળવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ઉપર ના રજિસ્ટર્ડઓફિસના સરનામે મળશે. જેમાં ૩૧મી ડિસેમ્બર,૨૦૧૯ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક તથા નવમાસિક ગાળાનાં અનઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે.

બોર્ડઑફ ડાયરેક્ટર્સના હુકમ થી
પ્રતીક્ષા કેમિકલ્સ લિમિટેડ માટે
સહી/
Mr.Jayesh Patel
Director
(DIN-00401109)

તારીખ:૨૭.૦૧.૨૦૨૦
સ્થળ :અમદાવાદ